પ્રશ્નોત્તરી - આરોગ્ય.કૉમ - ગુજરાતી
Last Updated Tuesday, 17 January 2012 10:04

• હૃદયની ક્રિયા બંઘ પડવી અથવા તેમાં બગાડ થવું એટલે શું? હૃદયના સ્નાયુઓ (ધમની) ખરાબ થવું/બગડવું એટલે હૃદયની ક્રિયા બંઘ પડવી/આચકાં આવવા. હૃદયમાં રક્તપુરવઠો કરનારા રક્તવાહિનીઓ બંઘ થાય છે જેને લીધે રુઘિરાભિસણ થોંભી જવાથી હૃદયનો રક્ત પુરવઠો રોકાઇ જાય છે. જેને લીધે હૃદયની ક્રિયા બંઘ પડે છે.

જો આ રુધિરાભિસણ છ કલાક કરતાં વધો સમય બંઘ રહે તો હૃદયના ભાગમાં આવેલા સ્નાયુ મૃત પામે છે અથવા કાયમી ખરાબ થાય છે. આને હાર્ટ અટૈક/હૃદયની ક્રિયા બંઘ પડવી કહે છે. હૃદયના સ્નાયુઓમાં રકતની ગાંઠો થવી અથવા રકતની ગાંઠોને લીધે હૃદયના રક્તવાહિનીઓના મુખ બંઘ થવું એવું પણ કહે છે. આ જો હૃદયના થોડા ભાગ પર પરિણામ કરે તો તેને ઓછા પ્રમાણનું હાર્ટ અટૈક અને વધો ભાગપર પરિણામ થાય તો તેને હૃદયનો તીવ્ર આંચકો કહે છે.
• રક્તવાહિનીમાં શેના લીધે ગાંઠ તૈયાર થાય છે અથવા તે શા માટે બંધ થાય છે? જે રોગને લીધે

રકતવાહિનીનું મુખ બંધ થાય છે તેને ધમનીના આવરણમાં વેદના કરતો રોગ Atherosclerosis કહે છે. કોલેસ્ટ્રાલ એ રક્ત અને પિત્તમાં દેખાતા સફ઼્એદ રોગનો વાસરહિત સ્નિગ્ધ પદાર્થ રક્તવાહિનીના દિવાલ પર વર્ષભરમાં ધીરે-ધીરે ફ઼્એલાતો જાય છે. અને પછી તે એટલો દેખાય છે કે તેને લીધે રક્તવાહિનીમાં પોકળ જગ્યા ઓછી થઈ રક્તવાહિનીનું મુખ બંઘ કરે છે. આ પરિસ્થિતિમાં ક્યારેક લક્ષણો દેખાય આવતાં હોય છે તો ક્યારેક દેખાતા નથી. એક દિવસ તે કોલઁસ્ટ્રોલની ઉપર રકતની ગાંઠ તૈયાર થઈ

રક્તવાહિનીનું મુખ ૧૦૦ ટક્કા બંઘ કરે છે. ધીરે-ધીરે કોલઁસ્ટ્રોલ જામી જતો હોય છે અને તીવ્ર ગતિથી કતની ગાંઠ તૈયાર થાય છે - આ અનુક્રમે રક્તવાહિનીનું મુખ બંઘ થાય છે.

• આવા પ્રકારે શું ફ઼્અક્ત હૃદયની રક્તવાહિનીઓ બંઘ થાય છે? ધમનીઓના આવારણમાં વેદનાનો રોગ આ સામાન્ય હોંવાને લીધે તે શરીરમા કોઇ પણ ભાગમાં રક્તવાહિની પર પરિણામ કરી શકે છે. સામાન્ય રીતે પ્રથમ ૨.૫ થી ૪ ડાયમિટરની

દરમ્યાન આવેલા રક્ત વાહિની પર પરિણામ થાય છે. મગજમાં આવેલા રક્તવાહિની બંઘ થવાથી અર્ધાંગવાયુ અથવા મગજને આંયકો લાગે છે. હદયના રક્તવાહિનીનું મુખ બંઘ થવાથી હૃદયને આંચકો આવે છે. મૂત્રપિંડના રક્તવાહિનીના મુખ બંઘ થવાથી મૂત્રપિંડમાં બગાડ થઈ શકે છે. પગની રક્તવાહિનીઓ બંઘ પડવાથી પગને ગઁગ્રીન થઈ શકે છે. આવા પ્રકારઓ શરીરમાં કોઇપણ રક્તવાહિનીનું મુખ બંઘ થાય તો તે ભાગના વિશિષ્ટ અવયવો પર પરિણામ થઈ તેનું રક્ત્પુરવઠો બંઘ થાય છે. સામાન્ય રીતે હ્રુદયની રક્તવાહિનીનું મુખ બંઘ થવાનું પ્રમાણ વધુ છે, તેની સાથે- સાથે મગજની રક્તવાહિનીઓ અને પછી પગની રક્તવાહિની.

• હૃદયને આંચકો આવવાના લક્ષણો ક્યાં-ક્યાં છે? હૃદયના આંચકા આવનારા ઘણાં લોકોમાં છાતીના મધ્ય ભાગમાં અસહનિય વેદના થાય છે, આ વેદના અચાનક/તીવ્ર સ્વરુપમાં હોય છે. આ વેદના સંપૂર્ણ છાતીમાં પ્રસરે છે, પછી તે જડબાં સુધી જાય છે અથવા બંને હાથમાં અથવા એક હાથમાં પ્રસરે છે. સામાન્યરીતે આ વેદના છાતી તથા પેટની વચ્ચોવચ્ચ આવેલા સ્નાયુના પડદા નીચે- શ્વાસપટલ નીચે જતાં નથી. આ પ્રકારની વેદના તીવ્ર હોય છે, તેની લીધે શ્વાસ લેવામાં તકલીફ઼્અ થાય છે અને અસ્વસ્થતા બેચૈની જણાય છે, ખુબ પસરેવો આવે છે અને ઉલટી પણ થાય છે. અન્ય કેટલાક દર્દીઓમાં અહીં આપેલા પૈકી કોઇપણ લક્ષણો જણાતાં નથી. આ અહેસાસ એકદમ સૂક્ષ્મ હોય છે જેમાં ગળું(અવાજ) બંઘ થાય છે અથવા છાતીમાં બળતા થાય અથવા હૃદયને
આંચકો આવી શકે છે.

1 / 1